# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી – ૩૯૬ ૪૫૦, ગુજરાત

**આ યુનિવર્સિટીના તા.૦૫/૦૧/૨૦૧૭ ના રોજ યોજાનાર બારમો વાર્ષિક પદવીદાન સમારંભના આયોજન માટે તા.૦૮/૧૧/૨૦૧૬ ના રોજ બપોરે ૧૫.૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષ સ્થાને માન. કુલપતિશ્રીના કચેરીના મીટીંગ હોલમાં રાખેલ મીટીંગની કાર્યવાહી નોંધ :–**

આ બેઠકમાં નીચે મુજબના અધિકારી/કર્મચારીશ્રીઓ હાજર રહેલ હતા.

| અ.નં. | અધિકારીશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ. એસ.આર.ચૌધરી | સહ સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ન.કૃ.યુ., નવસારી. |
| ૨ | ડૉ. જી.આર. પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી. |
| ૩ | ડૉ. જે.ડી.થાનકી | સહ પ્રાધ્યાપક અને વડા, ન.મ. મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૪ | ડૉ. ટી.આર. અહલાવત | સહ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૫ | ડૉ. પી.કે. શ્રીવાસ્તવ | અચાર્યશ્રી, વનીય મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૬ | ડૉ. વી.બી.ખરાદી | પ્રાધ્યાપક અને વડા, સંશોધન વૈજ્ઞાનિક, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી. |
| ૭ | ઈજે. પી.આર. પાંન્ડે | આચાર્યશ્રી, કૃષિ ઈજનેરી કોલેજ, ડેડીયાપાડા |
| ૮ | ડૉ. આર.એલ.લેઉઆ | સહ પ્રાધ્યાપક, કોલેજ ઓફ એગ્રી બાયોટેક, સુરત |
| ૯ | ડૉ. એચ.આર.પંડયા | ડીન/આચાર્યશ્રી, એગ્રીબીઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, ન.કૃ.યુ., નવસારી. |
| ૧૦ | ડૉ. બી.એલ.રાદડીયા | નિયામકશ્રી ઈનફોર્મેશન ટેકનોલોજી, ન.કૃ.યુ., નવસારી. |
| ૧૧ | ડૉ. બી.આર.પરમાર | પ્રાધ્યાપક(બાગાયત), ન.મ. મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૧૨ | શ્રી અંકુર પટેલ | નિયામકશ્રી, વિદ્યાર્થી પ્રવૃતિઓ, ન.કૃ.યુ., નવસારી. |
| ૧૩ | શ્રી એચ.ટી. ભાલસોડ | કાર્યપાલક ઈજનેર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૪ | ઈજે. એ. એસ.સીંઘી | નાયબ ઈજનેર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૫ | શ્રી ડી.ટી. ચૌધરી | હિસાબ નિયામક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૬ | શ્રી કે.એમ. પંચાલ | મદદનીશ કુલસચિવ (એકેડેમીક), ન.કૃ.યુ., નવસારી. |

ડૉ. વી.એ. સોલંકી, કુલસચિવશ્રીએ હાજર રહેલ તમામ સભ્યશ્રીઓને આવકાર્યા ત્યારબાદ ડૉ. સી. જે. ડાંગરીયા, માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મીટીંગની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

ડૉ. સી. જે. ડાંગરીયા, માન. કુલપતિશ્રીએ હાજર રહેલ તમામ સભ્યશ્રીઓને આગામી વાર્ષિક પદવીદાન સમારંભના સફળ આયોજન માટે કામગીરી કરવા જણાવી તમામ કમીટીના કન્વીનરશ્રીઓ સાથે ક્રમશઃ કામગીરીની ચર્ચા કરી.

૧. **કમીટીઓની રચના:**

કોન્વોકેશનનાં સફળતાપૂર્વક આયોજન માટે જુદી જુદી કમીટીઓની રચના અને તેમને કરવાની થતી કામગીરીની જવાબદારી આપવી.

૨. **પદવીદાન સમાંરભનાં વ્યકતવ્યો અંગે**

પદવીદાન સમાંરભ માટે માન. કુલાધિપતિશ્રી કૃષિ મંત્રીશ્રીના વ્યાખ્યાન તેમજ દીક્ષાંત પ્રવચનનાં મહાનુભવને યુનિવર્સિટી પ્રોફાઈલ મોકલવાની કામગીરી નીચેનાં અધિકારીશ્રીઓને સોંપવામાં આવી.

- માન. કુલાધિપતિશ્રી વ્યાખ્યાન (અંગ્રેજી તેમજ હિંદી) – ડાં. એસ.આર.ચૌધરી અને ટીમ
- માન. કૃષિમંત્રીશ્રીનું વ્યાખ્યાન (ગુજરાતી – અંગ્રેજી ) – ડાં. જી. આર. પટેલ અને ટીમ
- યુનિવર્સિટી પ્રોફાઈલ બનાવી મોકલવાની કામગીરી – ડાં. એસ.આર.ચૌધરી

૩. **વિદ્યાર્થીઓને એનાયત થતાં ચંદ્રકો અંગે**

સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને પદવીદાન સમારંભમાં એનાયત થતાં જુદા જુદા ચંદ્રકો માટે વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રિયા ૩૦/૧૧/૧૬ સુધીમાં પુરી કરવી. જેથી મેડલ તૈયાર કરવાની પ્રક્રિયા સરળ બની રહે.

૪. **બેસ્ટ ટીચર એવોર્ડ**

જુદી જુદી ફેકલ્ટીનાં શિક્ષકો માટે પદવીદાન સમારંભમાં બેસ્ટ ટીચર એવોર્ડ એનાયત થતો હોઈ, તે અંગેની અરજીઓ કુલસચિવશ્રીને તાઃ ૩૦/૧૧/૧૬ પહેલા નિયત પ્રોફોમામાં મોકલી આપવા નકકી કરવામાં આવ્યું.

૫. **સાહિત્ય અનાવરણ અંગે**

પદવીદાન સમારંભમાં યુનિવર્સિટીનાં સંશોધન અને ખેડૂતોપયોગી સાહિત્ય અનાવરણ માટે સંશોધન નિયામકશ્રીની કચેરી દ્વારા વાર્ષિક રીપોર્ટ તેમજ ખેડૂતોપયોગી ભલામણ પુસ્તિકા, વિસ્તરણ નિયામકશ્રી અને ડીનશ્રી પાસે ઉપલબ્ધ સાહિત્ય સાથે પદવીદાન સમારંભની બીજી બેઠકમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું.

૬. **પદવીદાન સમારંભ સ્થળ અંગે**

દર વર્ષની જેમ યુનિવર્સિટીનાં ઓડીટોરીયમમાં પદવીદાન સમારંભ યોજવાનું નકકી કરવામાં આવ્યું. ઓડીટોરીયમ નજીકનાં સ્થળે તેમજ જરૂરીયાત ઉભી થાય તો એલઈડી ટીવી દ્વારા કાર્યક્રમ પ્રદર્શિત કરવા વિચારણા કરવામાં આવી હતી.

૭. **પદવીદાન સમારંભનું વેબ કાસ્ટ**

યુનિવર્સિટીની ઈન્ફોર્મેશન ટેકનોલોજી દ્વારા પદવીદાન સમારંભનું વેબ કાસ્ટ કરવાની તૈયારી માટે જણાવવામાં આવ્યું.

૮. **કમીટીના કન્વીનરશ્રીઓનાં ગત વર્ષનાં અનુભવો**

ફુટ કમીટી, મંડપની કામગીરી તેમજ જમવાની જુદી જુદી કમીટીનાં કન્વીનરશ્રીઓનાં ભુતકાળનાં અનુભવો તેમજ વધુ સારી રીતે પદવીદાન સમારંભ આયોજન કરવા માટેના મતવ્યોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ફુડ કમીટી, મંડપની કામગીરી તેમજ જમવાની વ્યવસ્થાનું આયોજન ગયા વર્ષે સારી રીતે થયેલ હોઈ તે મુજબ કામગીરી કરવા નકકી કરવામાં આવ્યું.

૯. **ઓડીટોરીયમ ચોખ્ખાઈ અને રીપેરીંગ**

કાર્યપાલક ઈજનેરશ્રીને ઓડીટોરીયમની ચોખ્ખાઈ તેમજ જરૂરી રીપેરીંગની કામગીરી તાકીદે કરવા જણાવવામાં આવ્યું.

૧૦. **પદવીદાન સમારંભની ખરીદી અને બીલો અંગે**

કમીટીનાં કન્વીનરશ્રીઓએ પદવીદાન સમારંભ માટે જરૂરી સામગ્રીની ખરીદી યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિતિ નિયમોને ધ્યાને રાખી કરવાની રહેશે તેમજ ખરીદીની સંપૂર્ણ કાર્યવાહી કરી બીલો પ્રતિહસ્તાક્ષર માટે કુલસચિવશ્રીની કચેરીને મોકલવા નકકી કરવામાં આવ્યું.

**નોંધઃ તાઃ ૨૯/૧૧/૨૦૧૬ના રોજ ૧૪.૩૦ કલાકે બીજી બેઠકમાં કમીટીઓ દ્વારા થયેલ કામગીરી તેમજ સંપૂર્ણ આયોજન સાથે હાજર રહેવું.**

જા.નં.નકૃયુ/રજી/પરીક્ષા/કોન્વો– ૧૨/૭૧૨૪-૪૨/૨૦૧૬,
તા.૨૨/૧૧/૨૦૧૬

ઈ/ચા.**કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાનાઃ**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી.
(૨) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી.